## :: <u>સાટાખત</u> ::

સંવત ૨૦૭૩ના અષાઢ વદ આઠમને સોમવારને તારીખ ૧૭મી, માહે જુલાઈ, સને ૨૦૧૭ ના અંગ્રજી દિને..

<u>**આ સાટાખત લખાવી લેનાર યાને તમો પહેલા પક્ષના :–**</u>

**શ્રી................................,**

ઉ.વ.આ....., જાતના : હિન્દુ, ધંધો :.....,

રહેઃ– ......................................, સુરત.

<u>**જોગ લી.**</u>

<u>**આ સાટાખત લખી આપનાર યાને અમો બીજાપક્ષના :–**</u>

**' રજત ડેવલોપર્સ '** એ નામની એક રજી.ભાગીદારી પેઢી,

તેના વતી અને તરફે વહીવટ કર્તા અધિકૃત ભાગીદાર તરીકે..

**શ્રી વિક્રમભાઈ બચુભાઈ બાળધા,**

ઉ.આ.વ. : ૩૫, ધંધો : વેપાર/બાંધકામ, જાતનાં : હિન્દુ,

રહેવાસી : ૨૭,૨૮, શિવ રો હાઉસ,પરવત પાટીયા, આઈમાતા રોડ, સુરત.

આથી અમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આ સાટાખતના લેખથી લખી આપી જણાવીએ છીએ કે,

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ **ખોલવડના** રેવન્યુ દફતરે નોંધાયેલ **રે.સ. નંબર ૧૬૮/૧, તથા જુના બ્લોક નં.૭૪, નવો બ્લોક નંબર ૨૮૫૦,ના ટી.પી. સ્કીમ નં.૪૮** (ખોલવડ) ના **ફાઈનલ પ્લોટ નં.૨૧,થી** નોંધાયેલ બીનખેતીની જમીન જેનુ ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૬૧૩૬.૦૦ ચો.મી. છે. તે જમીનમાં **"રજત ડેવલોપર્સ"** દ્રારા બાંધવામાં આવેલ **" તોરલ રેસીડેન્સી "** નામની ઈમારતના **'એ'** બ્લોક માં **પહેલા માળ** ઉપર આવેલ **ફલેટ નં.૧૦૧,** વાળી મિલકત તેમજ ઈમારતમાં આવેલ પાર્કિંગ, દાદર, પેસેજ, ઓવરહેડ ટેન્ક, ડ્રેનેજ, બોરીંગ, લિફટ વિગેરેના રાસુકા વપરાશના હકકો સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મિલકત અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને **કુલ રૂા................./–અંકે ...........................પુરાનો** વેચાણ અવેજ નકકી કરી આજ રોજ વેચાણ આપેલ છે. જેની શરતો નીચે મુજબ છે.

## શરતો

(૧) સદરહુ મિલકતની વેચાણ કીંમત અમો બીજા પક્ષના અને તમો પહેલા પક્ષના વચ્ચે કુલ રૂા............../–અંકે ...................પુરા નકકી કરેલ છે જે પેટે તમો પહેલા પક્ષના કનેથી અમો બીજા પક્ષનાને રૂપિયા નીચે મુજબ મળેલ છે. જેની આથી અમો બીજાપક્ષના પાકી પહોંચ લખી આપીએ છીએ સહી.

| તારીખ | વિગત | રકમ |
|---|---|---|
| ૦૧/૦૧/૨૦૧૭ | ..........બેંકના ચેક નં........ | ૦૦/– |

(૨) ત્યાર બાદ બાકી રહેતી વેચાણ અવેજની પુરેપુરી રકમ રૂા............/–અંકે ..........................પુરા તમો પહેલા પક્ષાનાએ અમો બીજા પક્ષનાએ આજથી ૩(ત્રણ) માસ સુધીમાં ચુકતે ચુકવી આપવાના છે અને રહેશે સહી.

(૩) સદરહું સાટાખતની મુદત ૩(ત્રણ) માસ સુધીની રાખવામાં આવેલ છે જે આપણે પહેલા પક્ષના અને બીજા પક્ષનાને કબુલ મંજુર છે. જે મુદતમાં પક્ષકારોની અરસ પરસની સંમતિથી ફેરફાર કરી શકાશે સહી.

(૪) સદરહું બાનાખતથી વેચાણ આપવા નકકી કરેલ મીલકતનો કબજો સોંપવામા આવ્યો નથી. પુરુ પેમેન્ટ ચુકવ્યેથી કબજો સોંપવામા આવશે અને વેચાણ દસ્તાવેજ કરી આપવામા આવશે.

(૫) પહેલા પક્ષનાએ સદરહું મિલકત અન્ય સભ્યોની સાથે એસોસીએશન, સોસાયટી કે મંડળી રચવામા આવે તો તેના સભ્ય થવાનુ રહેશે. તેમજ સદરહું ઈમારતની કોમન ફેસેલીટીઝનો વરાડે આવતો મેઈન્ટેન્સ ચાર્જ પહેલા પક્ષનાએ અન્ય સભ્યની સાથે નિયમિત રીતે ભરપાઈ કરવાનો રહેશે.

**<u>વેચાણ આપેલ મીલકતની વિગત</u>**

ડિસ્ટ્રીકટ સુરત, સબ ડિસ્ટ્રીકટ કામરેજના મોજે ગામ **ખોલવડના** રેવન્યુ દફતરે નોંધાયેલ **રે.સ. નંબર ૧૬૮/૧, તથા જુના બ્લોક નં.૭૪, નવો બ્લોક નંબર ૨૮૫૦, ના ટી.પી. સ્કીમ નં.૪૮,** (ખોલવડ) ના **ફાઈનલ પ્લોટ નં.૨૧,**થી નોંધાયેલ બીનખેતીની જમીન જેનુ ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૬૧૩૬.૦૦ ચો.મી. છે. તે જમીનમાં **"રજત ડેવલોપર્સ"** દ્રારા બાંધવામાં આવેલ **" તોરલ રેસીડેન્સી"** નામની ઈમારતના **'એ'** બ્લોક માં **પહેલા માળ** ઉપર આવેલ **ફલેટ નં.૧૦૧,** વાળી મિલકત કે જેનુ બીલ્ટઅપ **ક્ષેત્રફળ ૦૦.૦૦ ચો.ફુટ યાને ૦૦.૦૦ ચો.મી.** છે તે મીલકત તથા તે ઈમારતની તળ જમીનમાં ફાળે પડતા વણ વહેંચાયેલ હીસ્સાની **૦૦.૦૦ ચો.મીટર** જમીન સહીત તેમજ ઈમારતમાં આવેલ પાર્કિંગ, દાદર, પેસેજ, ઓવરહેડ ટેન્ક, ડ્રેનેજ, બોરીંગ, લિફટ વિગેરેના રાસુકા વપરાશના હકકો સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત..

એણી વીગતોનુ આ કબજા વિનાનુ સાટાખત આપણે પક્ષકારોએ આપણી રાજી ખુશીથી વાંચી, વંચાવી, સાંભળી, સમજી વિચારીને કોઈના કોઈપણ જાતના દાબદબાણ વિના, બિનકેફ હાલતમાં અમારી મુકત સંમતીથી કરી આપેલ છે જે આપણા વંશ, વાલી, વારસો, ઉત્તરાઘીકારીઓ, નોમીનીઝ સહીત તમામ તે કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

**અત્રે..............................મતુ, તત્રે..........................શાખ.**

................................... ................................

................................... ................................

**<u>બીજા પક્ષનાઃ– વેચાણ આપનારની સહી :–</u>**

**'રજત ડેવલોપર્સ'** એ નામની એક રજી.ભાગીદારી પેઢી,

તેના વતી અને તરફે વહીવટ કર્તા અધિર્કત ભાગીદાર તરીકે..

**શ્રી વિક્રમધાઈ બચુભાઈ બાળધા,**

.....................................

**<u>પહેલા પક્ષનાઃ– વેચાણ રાખનારની સહી :–</u>**

**શ્રી.........................,**

.....................................